# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૩ તા.૨૮-૦૬-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનની પ્રાથમિક શાળાઓમાં ચોમાસા પહેલાં તેમજ સ્કૂલ સેફટી અંગે તકેદારી રાખવા માટે જરૂરી તૈયારી કરવા અને યોગ્ય સલામતિના પગલા લેવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : એસ.એસ.એ./સિવિલ/૨૦૨૨/૨૦૨૦૬/૨૭૬ તા.૧૫-૦૬-૨૦૨૨ના સ્ટેટ પ્રોજેકટ ઈજનેરશ્રીના પત્ર અન્વયે

આથી તમામ મ્યુનિ.શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ટૂંકજ સમયમાં ચોમાસાની ઋતુનું આગમન થશે. ચોમાસા ઋતુ દરમ્યાન શાળામાં કોઈ દુઘટના ના ઘટે તે માટે તેમજ સ્કુલ સેફટી અંગે પણ તકેદારી રાખવા માટે આવશ્યક સાવચેતીના પગલા અગાઉથી ભરવા જરૂરી બને છે. જેથી ચોમાસાની ઋતુની શરૂઆત પહેલા જરૂરી તૈયારી કરવા અનેસ્કુલ સેફટી અંગે તકેદારી રાખવા માટે સાવચેતીના પગલા લેવા તમામ મ્યુનિ.શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને નીચે મુજબની લેખિતમાં સુચના આપવામા આવે છે.

(૧) છત કે ધાબા પર આવેલ વોટર સ્પાઉટ ચોમાસા પહેલા અને ચોમાસામાં સમયાંતરે સાફ કરાવવા.

(૨) ધાબા કે છત ઉપર રહેલા જુના ફર્નીચર કે અન્ય સામાનને યોગ્ય સ્થળે ખસેડવા.

(૩) શાળા મેદાનમાં આવેલ નમી ગફેલા કે તૂટી પડવાની તૈયારીમાં હોય તેવા વૃક્ષોની ડાળીઓ/વૃક્ષોને દૂર કરવા.

(૪) શાળામાં જો ઈલેકટ્રીક વાયર ખુલ્લા હોય કે અર્થીંગ પ્રોબ્લેમ હોય તો તુર્તજ એસએમસી ધ્વારા રીપેરીંગ કરાવવા. ટેકનીકલી જરૂરી હોય તેવા **MCB/ELCN** વગેરે લગાવવા.

(૫) ચોમાસાની સીઝન દરમ્યાન આચાર્યશ્રી તથા શિક્ષકોએ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની પૂર્વ મંજૂરી વિના હેડકવાર્ટર છોડવું નહીં.

(૬) પૂરના સમયે શાળામાં મેદાનમાં કે બિલ્ડીંગમાં પાણીનો ભરાવો ન થાય તે માટે પાણીના નિકાલની વ્યવસ્થા છે કે નહી તેની તકેદારી રાખવી.

(૭) પૂર સંભવિત ક્ષેત્રમાં શાળાના અગત્યના ડોકયુમેન્ટને શાળામાં જ સુરક્ષિત સ્થળે રાખવા.

(૮) દવાઓ, ફાનસ, ટોર્ચ, સ્વચ્છ કપડા, પેક ખાદ્ય પદાર્થ સહિતની ઈમરજન્સી કીટ, ફસ્ટ એઈડ બોકસ વગેરે રાખવા.

(૯) શાળામાં રૂમો જર્જરિત હોય તો બાળકોને બેસાડવા નહી અને જર્જરિત રૂમોથી બાળકો દૂર રહે તે અંગેની તકેદારી રાખવી.

(૧૦) શાળા કેમ્પસમાં આવેલ જર્જરિત કે ડિમોલીશન કરજા પાત્ર ઓરડા, ટોયલેટ, સેપ્ટીક ટેન્ક, ખાળકૂવા કે અનય ભૌતિક સુવિધાની ફરતે બેરીકેડ કે આડાશ ઉભી કરી ભયજનક સૂચક બોર્ડ લગાવવા.

(૧૧) અતિવૃષ્ટિ કે પૂર જવા સંજોગોમાં શાળા આશ્રયસ્થાન બને તે અંગેની તકેદારી આચાર્યશ્રીએ લેવી.

(૧૨) અતિવૃષ્ટિ કે પૂરના સમયે બાળકોને રજા આપાવાનો નિર્ણય આચાર્યશ્રીએ વિવેકબુધ્ધિ અનુસાર લેવો અને સમયસર બાળકો ઘરે પહોંચે તે અંગેની વ્યવસ્થા વાલીઓ સાથે મળીને કરવી.

(૧૩) શાળામાં ફાયર સેફટીની વ્યવસ્થા છે કે કેમ તે ચકાસવું અને તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે શિક્ષક અને વિધાર્થીઓને તાલીમબધ્ધ કરવામાં આવ્યા છે કે નહી તે ચકાસવું.

(૧૪) અંડરગ્રાઉન્ડ વોટર ટેન્ક હોય તો તેની ફરતે આડાસ કે ફેન્સીંગની વ્યવસ્થા કરવી તેમજ ઢાંકેલી રાખવી જેથી બાળકો, જાહેર જનતા કે પ્રાણીઓ અકસ્માતનો ભોગ ન બને.

(૧૫) શાળામાં રેઈનવોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ, પાણીના ટાંકા, સેપ્ટીક ટેન્ક, ખાળકૂવા હોય તો તેની નજીક બાળકોને જવા દેવા નહી અને આ બાબતની સૂચના દર્શાવતું બોર્ડ લગાવવું.

(૧૬) શાળાની ટાંકી ખુલ્લી રહેતી હોય તો તેને લોક (તાળુ) મારી શકાય તેવા ઢાંકણા લગાવવા અને મેદાનમાં કયાંય પણ પાણી ભરાતું હોય તો મચ્છરનો ઉપદ્રવ ન થાય તે માટેના જરૂરી પગલા લેવા.

(૧૭) શાળાની બહારથી જો મુખ્ય માર્ગ પસાર થતો હોય તો સ્પીડ બ્રેકરની વ્યવસ્થા કરાવવી અને રોડની બંન્ને તરફ શાળા અંગેના સાઈન બોર્ડ મુકાવવા.

(૧૮) શાળા પરિસરમાં બાંધકામના સમય દરમ્યાન આજુબાજુના સંલગ્ન મકાનના રહીશો અને મકાનોને અડચણરૂપ, ખલેલ અને નુકશાન ન પહોંચે તે માટેના તમામ સાવચેતીના પગલા એસએમસી તેમજ ઈજારદારશ્રીએ તેમના ખર્ચે અને જોખમે લેવાના રહેશે.

(૧૯) બાંધકામના સમય દરમ્યાન શાળાના કંમ્પાઉન્ડમાં આવેલ અન્ય હયાત બાંધકામ(સ્ટ્રકચર) ને કોઈ નુકશાન ન પહોંચે તેમજ શાળામાં અભ્યાસ કરતાં વિધાર્થી/શિક્ષકોને કે અન્ય કર્મચારી/મુલાકાતી ને કોઈ નુકશાન કે ઈજા ન થાય તે માટેના તમામ સાવચેતીના પગલા એસએમસી તેમજ ઈજારદારશ્રીએ તેમના ખર્ચે અને જોખમે લેવાના રહેશે.

(૨૦) કાર્યરત શાળામાં બાંધકામ ચાલુ કરવાનું હોય ત્યારે બાંધકામ સ્થળે આડાસ(બેરીકેડ) કે ફેન્સીંગ ઉભીકરી તે બાજુ બાળકો જાય નહીં તેવી વ્યવસ્થા કરવી અન બાળકોની સાવચેતી માટે શાળાના આચાર્ય તેમજ શિક્ષકોને લેખિતમાં જાણ કરી આ બાબતે અવગત કરવા.

(૨૧) શાળામાં જે જગ્યાએ કામ પ્રગતિમાં હોય તે ભાગમાં પતરાની આડાસ (બેરીકેડ) કે ફેન્સીંગ રાખવી જેથી બાળકો અકસ્માતનો ભોગ બને નહીં.

(૨૨) બાંધકામ માટેનો માલસામન વ્યવસ્થિત રીતે રાખવો જેથી બાળકોની અવર–જવરમાં અડચણ ઉભી થાય નહીં.

(૨૩) બાંધકામની જગ્યાએ ભયસૂચક કે ચેતવણી દર્શાવતા નોટીસ બોર્ડ લગાવવા. આ બાબતની લેખિતમાં જાણ તમામ સંબંધિત અધિકારી/કર્મચારીશ્રીઓને પણ કરશો.

(૨૪) આપત્તિ સમયમાં ઉપયોગી સ્ટાફ અને વ્યકિતઓની જેમ કે તલાટી–મંત્રી, ડોકટર, તરવૈયા વગેરેની ફોન નંબર સાથેની માહિતી શાળાના નોટીસ બોર્ડ પર તથા શાળાના આચાર્યશ્રીએ પોતાની પાસે રાખવી.

(૨૫) સંભવિત આપત્તિ અંગેની પૂર્વ તૈયારીના રૂપમાં આચાર્યશ્રી, બાળકો તથા સ્ટાફે આપત્તિના સમયમાં કઈ રીતે આપત્તિનો સામનો કરી શકાય તે અંગેની પૂર્વ તૈયારી રાખવી.

(૨૬) રેલીંગ/પેરાપેટ જર્જરીત હોય તો સાવચેતીના પગલાં રૂપે દૂર કરવી /રીપેર કરાવવી/બાળકોની સલામતી માટે યોગ્ય કાર્યવાહી કરવી.

(૨૭) વાવાઝોડાની પરિસ્થિતી દરમ્યાન શાળામાં બાળકોની સલામતી માટેની વ્યવસ્થાની ચકાસણી કરવી.

(૨૮) આકસ્મિક ભૂંકપ જેવી અચાનક આવી પડતી આપત્તિ સમયે શાળામાં કરવી પડતી તત્કાલીન વ્યવસ્થા બાબતે આચાર્યશ્રી/શાળાના અન્ય સ્ટાફ/વાલીગણ વગેરે સાથે ચર્ચા કરવી.

તા.૨૮-૦૬-૨૦૨૨

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી